પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૭ | ૭ જાન્યુઆરી, ૨૦૧૯, સોમવાર; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

અફઘાનીસ્તાનમાં ખાણમાં ૩૦ના મોત

અફઘાનીસ્તાનમાં સોનાની ખાણમાં થયેલી એક દુર્ઘટનામાં ૩૦ વ્યક્તિના મોત નીપજ્યા છે. ૧૫ અન્ય લોકો ઘાયલ થયા છે. આ ઘટના અફઘાનિસ્તાનના કોહિસ્તાન જિલ્લાની છે.

એમપીમાં ધારાસભ્યોનું વેતન કપાશે

મધ્યપ્રદેશની કમલનાથ સરકારે વિધાનસભામાં વારંવાર થતા ધાંધલ-ધમાલને રોકવા નવો પ્રસ્તાવ લાવવાની તૈયારીઓ શરૂ કરી છે. આ પ્રસ્તાવ હેઠળ જો કોઈ ધારાસભ્ય વિધાનસભામાં ધમાલ કરશે તો તેનુ વેતન અને ભથ્થા કાપવામાં આવી શકે છે.

ઓડિશાના કૃષિમંત્રીનું રાજીનામુ

પિપિલી સામુહિક દુષ્કર્મ તથા હત્યા મામલે વિવાદિત બયાન આપનાર ઓડિશાના કૃષિમંત્રી પ્રદીપ મહારથીએ રાજીનામુ આપી દીધુ છે. મુખ્યમંત્રી કાર્યાલયને રાજીનામુ સોંપાયુ છે.

સીબીઆઈ તપાસ માટે તૈયાર : અખિલેશ યાદવ

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું છે કે ગેરકાયદે ખોદકામ મામલે સીબીઆઈની પૂછપરછ અને તપાસ માટે તેઓ તૈયાર છે.

સુખપાલ ખૈરાનું પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું

આમ આદમી પાર્ટીને વધુ એક ઝટકો લાગ્યો છે. પંજાબના ધારાસભ્ય સુખપાલ ખૈરાએ રવિવારે આમ આદમી પાર્ટીના પ્રાથમિક સભ્યતા પરથી રાજીનામુ આપી દીધું છે.

હિમવર્ષાથી ઉત્તર ભારત ઠંડુગાર

કાશ્મીરમાં ભારે બરફવર્ષા, દિલ્હી-એનસીઆરમાં વરસાદ : બેંગલુરુમાં ગાઢ ધુમ્મસને કારણે ૫૦ ફ્લાઈટ રદ : દિલ્હીમાં ૨૦થી વધુ ટ્રેનો મોડી ચાલી રહી છે : હિમાચલમાં ઓરેન્જ એલર્ટ જાહેર : હરિયાણામાં ગાઢ ધુમ્મસ : રાજસ્થાનમાં વરસાદ તો બિહાર ધુમ્મસની ચાદરમાં લપેટાયુ : વૈષ્ણોદેવીની ઘણી સેવા બંધ : હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષા જારી : જુદા જુદા વિસ્તારોમાં બરફની ચાદર છવાઈ : કારગિલમાં લઘુત્તમ તાપમાન માઇનસ ૧૮.૬ થતાં જનજીવન ઠપ

નવીદિલ્હી, તા. ૬

ઉત્તર ભારતની સાથે સાથે દેશભરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જોરદાર હિમવર્ષા અને કોલ્ડવેવના કારણે ઉત્તરભારત ઠંડુગાર થઇ ગયું છે. હિમવર્ષા અને કાતિલ ઠંડી વચ્ચે માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવાને બંધ કરવાની ફરજ પડી છે. જમ્મુ કાશ્મીરના નિવાસી જિલ્લામાં ભારે હિમવર્ષાના કારણે હાલત કફોડી બની ગઈ છે. માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર અને કેબલ

કાર સેવા બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા જારી છે. રાજ્યના કેલાંગ વિસ્તારમાં ૨૦ સેમી બરફ પડતા જનજીવન ખોરવાઈ ગયું છે. ચારેબાજુ બરફના થર જામી ગયા છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તેમજ ઉત્તરપ્રદેશ કાતિલ ઠંડીના સકંજામાં છે અને લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઇ રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં રવિવારે એટલે આજે સવારે

● અનુસંધાન પાન-૭ પર

એરપોર્ટની જેમ રેલવે સ્ટેશન પર ૨૦ મિનિટ પૂર્વે જવું પડશે

સુરક્ષાના કારણોસર રેલવેનો નિર્ણય : રેલવે યાત્રીઓની ચકાસણી પ્રક્રિયા વધુ ફુલપ્રુફ બનાવાશે

નવીદિલ્હી, તા. ૬

રેલવેએ સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવાના હેતુસર વિમાની મથકોની જેમ જ હવે રેલવે સ્ટેશનો ઉપર મજબૂત સુરક્ષા રાખવાનો નિર્ણય કર્યો છે જેના ભાગરુપે એરપોર્ટની જેમજ રેલવે સ્ટેશનો ઉપર પણ ૨૦ મિનિટ પહેલા પહોંચવાનું રહેશે. સુરક્ષા માટે રેલવેએ આ અંગેનો નિર્ણય કર્યો છે. સુરક્ષા ચેકિંગની પ્રક્રિયા સરળતાથી કરવામાં આવી શકે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. હાઈએન્ડ ટેકનોલોજીની સાથે આ વ્યવસ્થા હાલમાં અલ્હાબાદ રેલવે સ્ટેશન ઉપર શરૂ કરવામાં આવી છે જ્યાં કુંભના પ્રસંગે મોટી સંખ્યામાં યાત્રીઓ પહોંચનાર છે. કુંભની શરૂઆત આ મહિનામાં જ

● અનુસંધાન પાન-૭ પર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિલકુલ નકામા માણસ છે : રાહુલ ગાંધી

વડાપ્રધાન કોઈનું સાંભળતા જ નથી : અનેક બાબતે તીખા પ્રહારો

ન્યુ દિલ્હી,તા.૬

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર ફરી તીખા પ્રહારો કર્યા છે. તેમણે રાફેલ ડીલ, નોટબંધી અને જીએસટી સંદર્ભે પીએમને નકામા માણસ ગણાવ્યા છે અને તેઓ કોઈનું સાંભળતા નથી તેમ પણ કહ્યું છે.

રાહુલ ગાંધીએ નોટબંધી અને જીએસટીને લઈને શનિવારે ટ્વીટ કરીને પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે ભારતની વૃદ્ધિની વાર્તા લખી છે. મોદીએ તેને નોટબંધી અને ગબ્બર સિંહ ટેક્સ દ્વારા સંપૂર્ણ રીતે નષ્ટ કરી દીધી છે. તેઓ એક નકામા માણસ છે અને તેઓ કોઈની પણ સાંભળતા નથી.

એટલું જ નહી કોંગ્રેસ અધ્યક્ષે ફેસબુક પોસ્ટ કરીને પણ વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

રાહુલ ગાંધી-રાજ ઠાકરે વચ્ચે દિલ્હીમાં મુલાકાતની શક્યતા

રાજ ઠાકરે તેમના પુત્રના લગ્નની કંકોત્રી આપવા દિલ્હી જશે

ન્યુ દિલ્હી,તા.૬

લોકસભા ચૂંટણી પહેલા રાષ્ટ્રીય સ્તરે બનતા અને બગડતા રાજકીય સંબંધો વચ્ચે એક મોટી રાજકીય મુલાકાત થવા જઈ રહી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે આગામી સપ્તાહે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે દિલ્હીમાં મુલાકાત કરે તેવી શક્યતા છે. તેઓ આગામી સપ્તાહે પુત્ર અમિત ઠાકરેના લગ્નની કંકોત્રી લઈને દિલ્હી જઈ રહ્યા છે.

આના સંદર્ભે તેઓ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરવાના છે. પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરે સાથેની મુલાકાત બાદ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથેની રાજ ઠાકરેની મુલાકાત પર પણ રાજકીય વર્તુળોની નજર મંડાયેલી છે. મહત્વપૂર્ણ છે કે રાજ ઠાકરે પોતાના કાર્ટૂનો દ્વારા પણ રાહુલ ગાંધીના વખાણ કરી ચુક્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ રાજ ઠાકરેએ પોતાના ફેસબુક પેજ પર કાર્ટૂન બનાવ્યું હતું. જેમાં તેમણે રાહુલ ગાંધીના કદને પીએમ મોદી અને અમિત શાહથી મોટું દર્શાવ્યું હતું. ત્યારે રાજ ઠાકરેએ કહ્યુ હતુ કે ભલે ભાદજ ચૂંટણી જીતી ગયું હોય, પરંતુ રાહુલ ગાંધીનું કામ જનતાને પસંદ આવવાનું શરૂ થઈ ગયું છે.

મહારાષ્ટ્રના ગઢચિરોળીમાં સાત નક્સલિઓએ આત્મસમર્પણ કર્યું

આત્મસમર્પણ નક્સલીઓમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ

નાગપુર,તા.૬

મહારાષ્ટ્રના ગઢચિરોળી જિલ્લામાં શનિવારે સાત નક્સલિઓએ આત્મ સમર્પણ કર્યું છે. જેના પર કુલ રૂપિયા ૩૧.૫૦ લાખનું ઈનામ રાખવામાં આવ્યું હતું. આ નક્સલિઓમાં ૩ મહિલાઓ પણ હતી. પોલીસે જણાવ્યું કે, વિકાસ ઉર્ફે સાધુ પોધાદી છતીસગઢ કોડેલાયેર 'જન મિલિશિયા દલમ'ના સભ્ય હતો. તેની સુરક્ષાદળોની સાથે અથડામણ થઈ હતી. આ મહિલાઓમાંથી એક પર ૪ લાખ રૂપિયાનું ઈનામ હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, મહિલા નક્સલિ વૈશાલી બાબુરાવ વેદાદી (૧૮) ભામરાગઢ દલમની સભ્ય હતી અને તેના પર સાડા ચાર લાખ રૂપિયાનું ઈનામ હતું.

વધુમાં અધિકારીએ જણાવ્યું કે, આ પ્રકારે મોહન ઉર્ફે દુસા કેસા કોવસીએ ૯ હત્યા અને ૨ અથડામણમાં સંડોવાયેલો હતો. તો નવીન ઉર્ફે અશોક પેકા ગત્તા દલમનો સભ્ય હતો અને તેના પર પણ ૪ લાખ જેટલું ઈનામ રાખવામાં આવ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે, દુર્ગા ગેબા પુંગાતી ટીપાગઢ દલમની સભ્ય હતી અને તેના પર રૂપિયા પાંચ લાખ જેટલું ઈનામ રાખવામાં આવ્યું હતું.

હવે પહેલીથી પસંદગીની ચેનલો માટે જ પૈસા નાણા ચુકવવાના રહેશે

ટીવી રશિયાને રાહત : ગ્રાહકોને નહી જોવાતી ચેનલો માટે પૈસા ચુકવવા પડશે નહીં : નવી વ્યવસ્થા હેઠળ કોઇ પેક માટે નાણાં ચુકવવાના બદલે પસંદગીની ચેનલ માટે જ નાણાં ચુકવવાના રહેશે : એક ચેનલ માટે મહત્તામ ૧૯ રૂપિયા રહેશે

નવીદિલ્હી, તા. ૬

ડિસ અને કેબલ ટીવીના ગ્રાહકોને હવે પસંદગીની ટીવી ચેનલો માટે જ ચુકવણી કરવી પડશે. આના માટેનો તખ્તો ગોઠવાઇ ગયો છે. પહેલી ફેબ્રુઆરીથી ગ્રાહકોને પોતાના પસંદગીના ટીવી ચેનલ માટે નાણાં ચુકવવાના રહેશે. આના માટે ટ્રાઇ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. મનપસંદ ટીવી ચેનલો માટે જ નાણાં ચુકવવા રહેશે. ડીસ અને કેબલ ટીવીના ગ્રાહકોને અનેક વખત ટીવી ચેનલો માટે પણ ચુકવણી કરવાની ફરજ પડે છે જે ચેનલો તેઓ ક્યારે પણ જોતા નથી. આનુ કારણ એ છે કે, આ ચેનલો એક પૈકના હિસ્સામાં આવે છે પરંતુ હવે પહેલી ફેબ્રુઆરીથી તેમાં ફેરફાર થનાર છે. આ ફેરફારની સમય મર્યાદા પહેલા ૨૯મી ડિસેમ્બર નક્કી કરવામાં આવી હતી પરંતુ કંપનીઓ આમા સફળ રહી ન હતી. હવે ટ્રાઇએ પહેલી ફેબ્રુઆરીના દિવસે આને અમલી કરવાનો નિર્ણય કર્યો છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ હવે નવી પ્રાઇઝિંગ અને ચેનલ સિલેક્શન સિસ્ટમ માટે સેટેલાઇટ અને કેબલ ટીવી ઓપરેટર્સને ૩૧મી જાન્યુઆરી સુધીનો સમય આપ્યો છે.

નવી સિસ્ટમ હેઠળ ગ્રાહકોને કોઇ પેક માટે રકમ ચુકવવાના બદલે પસંદગીના ચેનલો માટે જ ચુકવણી કરવાની રહેશે. આમા તેમની પાસે પોતાની પસંદગીની ચેનલ પસંદ કરવાનો વિકલ્પ રહેશે. હજુ પણ પેક ઉપર ઓફર તો જારી જ રહેશે પરંતુ ગ્રાહકોને માત્ર પેકમાં આપવામાં આવેલી ચેનલોની ચુકવણી માટે જ ફરજ પડશે નહીં.

કોંગ્રેસે ક્યારેય ગરીબોની ચિંતા કરી નથી : અમિત શાહ

૨૦૧૯માં બહુમતીથી બનશે ભાજપ સરકાર બનશે : સેલવાસમાં શાહે જાહેરસભાને સંબોધી



વલસાડ,તા.૬

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કેન્દ્ર શાસિત પ્રદેશ સેલવાસાના પ્રવાસે છે. જ્યાં તેમણે દમણ, દીવ અને દાદરા નગર હવેલીના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સેલવાસમાં જાહેરસભાને પણ સંબોધી હતી. અમિત શાહે કોંગ્રેસ અને સોનિયા ગાંધી ઉપર આકરાં પ્રહારો કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ૨૦૨૦ સુધીમાં દેશનો એક પણ જિલ્લો એવો નહીં હોય જ્યાં ભાજપનું કાર્યાલય નહીં હોય. ૨૦૨૦ સુધીમાં દેશના તમામ જિલ્લામાં ભાજપની હાજરી રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી ને ૨૦૧૯ માં ફરી એક વખત પીએમ બનાવવાનો સંકલ્પ લઈ ને દરેક કાર્યકર્તા જાય. ભાજપના જીતનો આધાર કોઈ નેતા નથી હોતો પણ બુથ લેવલના કાર્યકર્તાઓની મહેનત હોય છે. બુથ લેવલના કાર્યકર્તાઓની અમારી જીતનો આધાર હોય છે.

તેમણે મહિલાઓની સુરક્ષા અંગે જણાવ્યું હતું કે, ૧૦ વર્ષ સુધી સોનિયા મનમોહનની સરકાર ચાલી દેશ ની સીમાઓ મહિલાઓ સુરક્ષિત ન હતી. ૧૨ લાખ કરોડના ગોટાળા કર્યા હતા. જેને કારણે વિશ્વમાં દેશની છબી ખરડાઈ હતી.

આજથી દેશભરમાં પેટ્રોલપંપો પર ફાસ્ટ ટેગ બારકોડ અનિવાર્ય કરાશે

૫૪ ટોલમાં માર્ચ સુધીમાં ફાસ્ટ ટેગ લેન શરૂ કરાશે

ન્યુ દિલ્હી,તા.૬

સોમવારથી દેશના તમામ નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પર ફાસ્ટટેગ લેન અનિવાર્ય કરી દેવાશે. તે માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા આજથી દેશભરના ૮૦૦ પેટ્રોલપંપમાં વાહનચાલકોને ફાસ્ટટેગ બારકોડ ઉપલબ્ધ કરાવશે. આ બારકોડ આગામી ૬ મહિનામાં દેશભરના ૨૫ હજાર પેટ્રોલપંપો પર ઉપલબ્ધ કરાવી દેવાશે. સાથે જ બે એપ પણ લોન્ચ કરાઈ રહી છે જે ફાસ્ટટેગ માટે મદદરૂપ થશે. તેનાથી ટોલ પ્લાઝા પર વાહનચાલકોનો ઘણો સમય બચશે. હાલ ફાસ્ટટેગ વિના એક વાહન પસાર થવામાં સરેરાશ ૬ મિનિટ લાગે છે.

માર્ગ પરિવહન મંત્રાલય અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ૪૭૯ ટોલ પ્લાઝા છે. તેમાંથી લગભગ ૪૨૫ ટોલમાં ફાસ્ટટેગ લેન ઉપલબ્ધ છે. બાકીના ૫૪ ટોલમાં માર્ચ સુધીમાં ફાસ્ટટેગ લેન શરૂ કરી દેવાશે. તેનાથી વાહનચાલકોને ટોલ ચાર્જ ચૂકવવામાં લાગતો સમય બચશે. ફાસ્ટટેગ વિનાનાં વાહનોની ફાસ્ટટેગ લેનમાંથી એન્ટ્રી નહીં થાય. કોઈ વાહન એન્ટ્રી કરે તો તેને દંડ પણ થઈ શકે છે. જોકે, તે અંગે હજુ નિર્ણય લેવાયો નથી.

સોમવારે માર્ગ પરિવહન મંત્રાલય અને ઓઈલ કંપનીઓ વચ્ચે કરાર થશે. મહાનગરોના ૨૦૦-૨૦૦ પેટ્રોલપંપો પર ફાસ્ટટેગ ઉપલબ્ધ હશે. ત્યાર બાદ આગામી ૬ મહિનામાં તબક્કાવાર મોટાં શહેરોના ૨૫ હજાર પેટ્રોલપંપો પર પણ આ સુવિધા ઉપલબ્ધ કરાવાશે. તે માટે દરેક પેટ્રોલપંપમાં બૂથ બનાવાશે.

ભાજપે જે.પી. નડ્ડાને યુપી અને નિર્મલા સીતારમણને દિલ્હીની જવાબદારી સોંપી

ભાજપે પ્રભારી તરીકેની નિમણુંક કરી તૈયારીઓ આરંભી

ન્યુ દિલ્હી,તા.૬

આગામી લોકસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાગરમી વચ્ચે હવે રાજકીય પક્ષોએ તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કર્યું છે. ભાજપે શનિવારે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે.પી.નડ્ડા અને કેન્દ્રીય રેલવે પ્રધાન પિયૂષ ગોયલને ઉત્તર પ્રદેશ તથા તમિલનાડુ માટે લોકસભા ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. આ પહેલા ભાજપે ૧૭ રાજ્યો માટે આવા પ્રકારની નિમણૂક કરી હતી.

પાર્ટી સૂત્રોએ સ્પષ્ટ કર્યુ છે કે ગુજરાત ભાજપના નેતા ગોરધન ઝડફિયા ઉત્તરપ્રદેશ માટેના પાર્ટીના છ સહ-પ્રભારીઓમાંથી એક હશે. તેમણે કહ્યુ છે કે યુપી જેવા મોટા રાજ્યોમાં ઘણાં સહપ્રભારીની જરૂરત છે. પહેલા અહેવાલો આવ્યા હતા કે ઝડફિયા યુપીના પ્રભારી હશે. અત્યાર સુધીમાં ભાજપે યુપી માટે ત્રણ સહપ્રભારીઓની નિયુક્તિ કરી છે. ભાજપે એક નિવેદનમાં જણાવ્યું છે કે જે. પી. નડ્ડા લોકસભા ચૂંટણી માટે ઉત્તરપ્રદેશ ખાતે પાર્ટીના પ્રભારી હશે.

ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં નિર્મલા સીતરમન દિલ્હીના, ભૂતપૂર્વ પ્રધાન કલરાજ મિશ્રા હરિયાણા, અવિનાશરાય ખન્નાને ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની ભાજપ પ્રભારી તરીકેની જવાબદારી આપી છે. પરંતુ આ રાજ્યો માટે અન્ય કેટલાક વરિષ્ઠ નેતાઓ પ્રભારી હશે. પિયૂષ ગોયલને તમિલનાડુ, પુડુચેરી અને અંદમાન-નિકોબાર ટાપુસમૂહની જવાબદારી આપવામાં આવી છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભાજપના મહાસચિવ મુરલીધરરાવ કર્ણાટક ખાતે લોકસભાની ચૂંટણી માટે પાર્ટી પ્રભારી હશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય